જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૦૭/૨૦૧૮ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૩/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૧૫ લીટર દેશી દારૂ, ૪૦૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૧ બિયર ટીન અને ૦૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૪,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૫/૧૮**

**નારોલ** : રાહુલ દિપકકુમાર (ઉ.વ.૩૫)(રહે,પ્રભાવ બંગ્લોઝ પ્રેરણાતીર્થ દેરાસર પાસે જોધપુર ચાર રસ્તા જોધપુર) એ તા.૨૪/૭/૧૮ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૦/૦૧/૨૦૧૮ થી અગાઉના ત્રણ વર્ષ દરમ્યાન આરોપી (૧)રાજેશસીંગ (૨) પ્રવિણાકુમારી વા/ઓ રાજેશસીંગ (૩) વિધનાથ અને (૪) શ્રીધર (તમામ રહે, પહેલો માળ, એ વીંગ બ્રિંદાવન એપાર્ટમેન્ટ લકડીકા પુલ એસીગાર્ડ તેલંગના (હૈદરાબાદ) એ ભેગામળી સૈજપુર શાહવાડી ખાતે આવેલ રાહુલભાઇની શ્રી અંબીકા જીયોટેક્સ પ્રા.લી નામની કંપનીમાં અવાર-નવાર ઓર્ડર આપી ત્રાડપત્રી ખરીદ કરેલ, જે તાડપત્રીના લેણા નિકળતા કુલ રૂપિયા ૯૩,૩૭,૬૩૯/- રાહુલભાઇને નહીં ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.કે.દેવમુરારી ચલાવે છે.

**ક્રાઇમબ્રાન્ચ** : મિતેષભાઇ મહેન્દ્રકુમાર પંચાલ (ઉ.વ.૨૭)(રહે,રાજ એપાર્ટમેન્ટ, આનંદનગર, સેટેલાઇટ) એ તા.૨૪/૭/૧૮ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૩/૦૯/૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) રોહિતસિંહ (૨) પે-ટીએમ વોલેટ નંબર–૭૦૬૫૦૨૬૬૯૭ નો ધારક (૩)અલગ-અલગ છ મોબાઇલ નંબરના ધારકો (૪) રોશન રામ નામનુ કોટક મહીન્દ્રા બેંક એકાઉંટનો ધારક અને (૫) ઇમેલ આઇ.ડી. sales@amezingdeal.com નો ધારકે ભેગામળી મિતેષભાઇને જુદા-જુદા નંબરોથી ફોન કરી તેમજ મેઇલ કરી ઇનામોની લાલચ આપી વિશ્વાસમાં લઇ, ઇનામ મેળવવાની પ્રોસીજર પેટે પે.ટી.એમ વોલેટ તથા બેંક એકાઉંટમાં કુલ રૂપિયા ૪,૮૦,૦૦૦/- ભરાવડાવી, મિતેષભાઇને તેઓના નાણા કે ઇનામ નહી આપી મિતેષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૪૧૬/૧૮**

**વાડજ** : વિપુલભાઇ અંબાલાલ ઠાકોર (ઉ.વ.૩૯)(રહે,છોટાલાલની ચાલી હરીપુરા ઠાકોરવાસ અસારવા) તા.૨૩/૭/૧૮ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે વાડજ સાકાર કોમ્પ્લેક્ષ સામેથી એક્ટીવા ઉપર પોતાની પત્ની સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો વિપુલભાઇની પત્નીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિપુલભાઇ ઠાકોરે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.પુરોહિત ચલાવે છે.

**જીવ-જંતુ કરડી જતા મૃત્યુ :** **સમાચાર યાદી નં.૧૪૧૭/૧૮**

**સાબરમતી** : ગીતાબેન ઇશ્વરભાઇ પટણી (ઉ.વ.૪૦)(રહે. હરજીવનની ચાલી જનપથ હોટલ સાબરમતી) તા.૨૧/૦૭/૧૮ નારોજ સાબરમતી રામનગર ખાતે શાકમાર્કેટમા શાકભાજી વેચાણ અર્થે ગયેલા હતા દરમ્યાન સાંજના પાંચેક વાગ્યાના સુમારે જમણા પગના ભાગે કોઇ જીવ-જંતુ કરડી ગયેલ અને તા.૨૩/૦૭/૨૦૧૮ નારોજ જમણા પગના ભાગે સોજો આવી જતા, દુખાવો થતા સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન રાતના ૯/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવીંદભાઇ માનાભાઇ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુ :** **સમાચાર યાદી નં.૧૪૧૮/૧૮**

**નારોલ** : જ્યોતીદેવી વા/ઓ દીનેશભાઇ ચંદ્રવશી (ઉ.વ.૧૯)(રહે,એમ.જી.કંપનીની સામે શાહવાડી નારોલ) તા.૨૧/૦૭/૧૮ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દુધ ગરમ કરવા માટે પ્રાઇમસ ઉપર તપેલી મુકી વાલથી હવાનુ પ્રેશર કરી દીવાસળી સળગાવતા, અચાનક કેરોસીન બહાર નીકળતા ભડકો થતા, જ્યોતીદેવી ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યા સારવાર દરમ્યાન તા.૨૪/૦૭/૧૮ કલાક ૫/૪૫ વાગ્યે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.